### ચાર મહિનાની ફરિયાદ છતાં કાર્યવાહી નહીં

# ખાનગી શાળાની મનમાની સામે DEO કચેરી લાચાર, વડોદરા પેરેન્ટ્સ એસો.નો આક્રોશ

**હાઈકોર્ટના** હુકમ છતાં LC રોકાયું, કલેક્ટરને ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા,તા.29
વડોદરા શહેરની ખાનગી શાળાઓની મનમાની અને શિક્ષણ વિભાગની નિષ્ક્રિયતા સામે વડોદરા પેરેન્ટ્સ એસોસિએશને ગંભીર આક્રોશ વ્યક્ત કર્યો છે. એક વાલીએ જિલ્લા કલેક્ટરને કરેલી લેખિત ફરિયાદ બાદ સમગ્ર મામલો સામે આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ, કલાલી વિસ્તારમાં રહેતા એક વાલી પાસે શહેરની એક ખાનગી શાળા દ્વારા ફી નિયમન સમિતિ દ્વારા નિર્ધારિત ફી કરતાં વધુ રકમની માંગણી કરવામાં આવી હતી. વાલીએ ફી ભરવાનો ઈન્કાર કરતા શાળા તંત્ર દ્વારા બાળકનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર રોકી રાખવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે. આ મામલે વાલીએ છેલ્લા ચાર મહિના દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારી કચેરી સમક્ષ વારંવાર લેખિત રજૂઆતો અને પુરાવા રજૂ કર્યા હોવા છતાં, ડીઈઓ કચેરી દ્વારા કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. પેરેન્ટ્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, ડીઈઓ કચેરીના અધિકારીઓએ લાચારી દર્શાવી વાલીને જ એવું કહ્યું હતું કે ફી ન ભરવી જોખમી સાબિત થઈ શકે છે. તંત્રની નિષ્ક્રિયતા અને બાળકના ભવિષ્યની ચિંતાને કારણે આખરે લાચાર વાલીને પોતાનું સોનું ગીરવે મૂકીને શાળા દ્વારા માંગવામાં આવેલી રકમ ભરવાની ફરજ પડી હોવાનો ચોંકાવનારો આક્ષેપ કરવામાં આવ્યો છે. એસોસિએશને જણાવ્યું કે, નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પષ્ટ આદેશો છે કે કોઈ પણ શાળા ફી વિવાદને લઈને વિદ્યાર્થીનું એલસી અટકાવી શકતી નથી, તેમ છતાં શાળાઓ ખુલ્લેઆમ નિયમોનું ઉલ્લંઘન કરી રહી છે અને ડીઈઓ તંત્ર માત્ર તમાશો જોઈ રહ્યું છે. આ મામલે એસોસિએશને જિલ્લા કલેક્ટર સમક્ષ મુખ્ય ચાર માંગણીઓ કરી છે. જેમાં ગેરકાયદેસર ફી ઉઘરાવવા અને એલસી રોકવા બદલ તટસ્થ તપાસના આદેશ આપવા. ચાર મહિના સુધી કાર્યવાહી ન કરનાર ડીઈઓ કચેરી સામે વહીવટી પગલાં લેવા. એફઆરસીના નિયમો વિરુદ્ધ વસૂલવામાં આવેલી વધારાની રકમ વાલીને પરત અપાવવી. જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવી. જો 15 દિવસમાં યોગ્ય કાર્યવાહી નહીં થાય તો વડોદરા પેરેન્ટ્સ એસોસિએશન વાલી સાથે રહીને નામદાર ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવશે અને ઉગ્ર આંદોલન કરશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

### ગરબાના આયોજનની આડમાં રોડ અકસ્માતોનો ભય વધ્યો

# અકોટા સોલાર પાસે ખુલ્લું મૂકાયેલું ડિવાઈડર મોતનું નિમંત્રણ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 29
વડોદરાના અકોટા સોલાર વિસ્તારમાં ગરબાના આયોજન માટે મુખ્ય માર્ગનો ડિવાઈડર ખોલી નાખવામાં આવતાં વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ઊભું થયું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ડિવાઈડર ખોલાયા બાદ વાહનચાલકો સામસામે આવી જતાં નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે.

રાત્રિના સમયે ખુલ્લા ડિવાઈડરનો અંદાજ ન આવતાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાય છે. ખાસ કરીને ટુ-વ્હીલરચાલકો અને વયોવૃદ્ધ નાગરિકો માટે આ માર્ગ જોખમી બન્યો છે. ખુલ્લા ડિવાઈડર પાસે રિફ્લેક્ટર, ચેતવણીનાં બોર્ડ કે અન્ય સુરક્ષા વ્યવસ્થા ન હોવાથી જોખમ વધ્યું છે. સ્થાનિક રહેવાસીઓએ આ અંગે રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, માત્ર એક આયોજન માટે મુખ્ય માર્ગ પર આવી વ્યવસ્થા ઊભી કરવી યોગ્ય નથી. સંબંધિત ટ્રાફિક પોલીસ અને મહાનગરપાલિકા તાત્કાલિક ધ્યાન આપે અને ડિવાઈડર ફરી બંધ કરે અથવા પૂરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવે, જેથી સંભવિત અકસ્માત અને જાનહાનિ ટાળી શકાય.

### વોર્ડ નં. 7માં કચરાના ઢગલા, સ્વચ્છતાના દાવા પોકળ

# કારેલીબાગમાં બે-ત્રણ દિવસ સુધી કચરો પડ્યો રહેતાં રહેવાસીઓ પરેશાન

**વારંવાર** ફરિયાદ છતાં સફાઈ નહીં થતાં રોગચાળાની ભીતિ, આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા
વડોદરા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના મહાનગરપાલિકાના દાવા વચ્ચે કારેલીબાગના વોર્ડ નંબર 7માં ગંદકીની સમસ્યા સામે આવી છે. શહેરમાં સ્વચ્છતા અભિયાન પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોવા છતાં નવરંગ હોસ્પિટલની પાછળ, સરકારી વસાહત પ્રેસ કોલોની અને આનંદનગરની સામેના આંતરિક માર્ગો પર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, નિયમિત સફાઈના અભાવે બે-ત્રણ દિવસ સુધી કચરો પડ્યો રહેતાં લોકો પરેશાન થઈ રહ્યા છે.

વિસ્તારમાં એકત્રિત થતા કચરાને કારણે દુર્ગંધ ફેલાઈ રહી છે અને મચ્છર, માખી સહિતની જીવાતોનો ઉપદ્રવ વધી રહ્યો છે. ગંદકીના કારણે બીમારીઓ ફેલાવાની ભીતિ પણ રહેવાસીઓને સતાવી રહી છે. રસ્તાની બાજુમાં પડેલા કચરાના ઢગલાને કારણે રાહદારીઓ અને વાહનચાલકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ સમસ્યા અંગે જવાબદાર અધિકારીઓને વોટ્સએપ મારફતે ફોટા મોકલી વારંવાર રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી.

એક તરફ વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાનને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે, તો બીજી તરફ રહેણાક વિસ્તારોમાં ગંદકીની સમસ્યા યથાવત રહેતાં તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. સ્થાનિક રહેવાસીઓએ નિયમિત સફાઈ અને કચરાના સમયસર નિકાલની વ્યવસ્થા ગોઠવવાની માગ કરી છે. રહેવાસીઓનો આક્ષેપ છે કે વારંવાર ફરિયાદો કરવા છતાં તંત્ર દ્વારા અસરકારક પગલાં લેવામાં આવતાં નથી. જો વહેલી તકે સમસ્યાનો ઉકેલ નહીં આવે તો પાલિકા સામે ગાંધીચિંધ્યા માર્ગે વિરોધ પ્રદર્શન અને ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ સ્થાનિકોએ ઉચ્ચારી છે.

### ગુજરાતમાં મતદાર યાદી સુધારણાનો ધમધમાટ

# તા.૨૭મી નવેમ્બરે મુસદ્દા મતદાર યાદી થશે પ્રસિદ્ધ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૯
ભારતના ચૂંટણી પંચ દ્વારા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૨૧ હેઠળ તા. ૦૧.૦૧.૨૦૨૭ની લાયકાતની તારીખના આધારે ગુજરાત રાજ્યમાં 'ખાસ સંક્ષિપ્ત સુધારણા' ના સુધારેલા કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ અભિયાન અંતર્ગત રાજ્યના તમામ પાત્રતા ધરાવતા નાગરિકો અને વિશેષ કરીને પ્રથમ વખત મતદાન મથકે પહોંચનાર યુવા નાગરિકોને પોતાની લોકશાહી ફરજ અદા કરવા માટે મતદાર યાદીમાં નામ જોડાવવા કે સુધારા કરાવવા માટે ખાસ આહ્વાન કરવામાં આવ્યું છે. ચૂંટણી પંચના નવા સમયપત્રક મુજબ, મતદાન મથકોનું પુનર્ગઠન અને રેશનલાઈઝેશન ૧૭ નવેમ્બર, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, ત્યારબાદ આગામી ૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ એકીકૃત મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ કરવામાં આવશે. મુસદ્દા મતદાર યાદી જાહેર થયા બાદ તા. ૨૭ નવેમ્બર થી ૨૬ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન નાગરિકો પોતાના વાંધા અને દાવાઓ રજૂ કરી શકશે. આ નિર્ધારિત સમયગાળા દરમિયાન પ્રાપ્ત થનાર તમામ વાંધા-દાવાઓનો નિકાલ આગામી ૧૧ જાન્યુઆરી, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે અને અંતે તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ આખરી મતદાર યાદી સત્તાવાર રીતે પ્રસિદ્ધ કરવામાં આવશે. આ સમગ્ર અભિયાનનો મૂળભૂત ઉદ્દેશ્ય તા. ૦૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ ૧૮ વર્ષની વય મર્યાદા પૂર્ણ કરતા રાજ્યના તમામ યુવા નાગરિકોના નામ મતદાર યાદીમાં અચૂક સામેલ કરવાનો છે. એટલું જ નહીં, પરંતુ તે પછીની આગામી ત્રણ લાયકાતની તારીખો એટલે કે ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબર, ૨૦૨૭ ના સંદર્ભમાં પણ અગાઉથી જ યુવાનોની અરજીઓ સ્વીકારવાની અદ્યતન જોગવાઈ કાર્યક્રમમાં રાખવામાં આવી છે.

# ગોત્રીમાં શાળાના પટાવાળા પર તીક્ષ્ણ હથિયારથી હુમલો

વડોદરા : શહેરના ગોત્રી પાણીની ટાંકી પાસે આવેલી ગાયત્રી વિદ્યાલયની બહાર વિદ્યાર્થીને ટોળામાંથી છોડાવવા વચ્ચે પડેલા શાળાના પટાવાળા પર હુમલો કરવામાં આવ્યો હતો. ચકો નામના શખ્સે તીક્ષ્ણ હથિયાર જેવા સાધનથી માથામાં હુમલો કર્યો હતો, જ્યારે અન્ય બે શખ્સોએ ગડદાપાટુનો માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા પટાવાળાને માથામાં પાંચ ટાંકા આવ્યા હતા. આ મામલે ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે.

ગોત્રી રોડ પર મારુતિ ટેનામેન્ટમાં રહેતા ૪૫ વર્ષીય મુકેશકુમાર જયંતિલાલ પટેલ ગાયત્રી વિદ્યાલયમાં પટાવાળા તરીકે ફરજ બજાવે છે. તા. ૨૮ ઓક્ટોબરે બપોરે શાળાના એક વિદ્યાર્થીએ ગેટ બહાર અન્ય વિદ્યાર્થીને કેટલાક શખ્સોએ પકડી રાખ્યો હોવાની જાણ કરતાં મુકેશકુમાર શિક્ષક મનીષભાઈ પટેલ સાથે ત્યાં પહોંચ્યા હતા. વિદ્યાર્થીને છોડાવવા વચ્ચે પડતાં ત્રણેય શખ્સોએ તેમની સાથે ઝઘડો કરી હુમલો કર્યો હતો.

### MBBS પ્રવેશમાં ડોમિસાઇલનો નિયમ કડક

# પિતાની બદલીને કારણે બહાર ભણેલા વિદ્યાર્થીને સ્ટેટ ક્વોટા નહીં

**બેંક કર્મચારીના પુત્રનો** કેસ, ગુજરાતમાં જન્મ છતાં ધો.10-12 પુણેથી પાસ કર્યા હોવાથી અરજી રદ

**સિંગલ જજના** ચુકાદાને ડિવિઝન બેન્ચે આપી બહાલી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
ગુજરાત હાઈકોર્ટે MBBS પ્રવેશના ડોમિસાઈલ ક્વોટા અંગે મહત્વનો ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, ગુજરાતમાં જન્મેલા હોવા છતાં જો વિદ્યાર્થીએ પિતાની નોકરીની બદલીને કારણે ધોરણ 10 અને 12 રાજ્ય બહારથી પાસ કર્યા હોય તો તેને સ્ટેટ ક્વોટાનો લાભ નહીં મળે. આવા વિદ્યાર્થીઓએ ઓલ ઇન્ડિયા ક્વોટા હેઠળ જ પ્રવેશ લેવો પડશે. એસસી કેટેગરીના એક વિદ્યાર્થીના કેસમાં ડિવિઝન બેન્ચે સિંગલ જજના ચુકાદાને સમર્થન આપ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ, ખાનગી બેંકમાં ફરજ બજાવતા એક અધિકારીના પુત્રનો જન્મ ગુજરાતમાં થયો હતો. પિતાની બદલી મહારાષ્ટ્રના પુણે ખાતે થતાં તેણે ધો.10 અને 12નું ભણતર ત્યાંથી પૂરું કર્યું હતું. ત્યારબાદ તેણે NEET પરીક્ષામાં એસસી કેટેગરીના કટ-ઓફ કરતાં પણ વધુ ગુણ મેળવ્યા હતા. તેણે ગુજરાતના સ્ટેટ ક્વોટા હેઠળ MBBS પ્રવેશ માટે અરજી કરી હતી, પરંતુ પ્રવેશ નિયમો મુજબ તેને ગેરલાયક ઠેરવવામાં આવ્યો હતો. તંત્રના નિર્ણય સામે વિદ્યાર્થીએ હાઈકોર્ટના સિંગલ જજ સમક્ષ પિટિશન કરી હતી. સિંગલ જજે અરજી ફગાવી દેતા આ નિર્ણયને ડિવિઝન બેન્ચમાં પડકારવામાં આવ્યો હતો. અરજદાર તરફે દલીલ કરાઈ હતી કે, વિદ્યાર્થીનો જન્મ ગુજરાતમાં થયો છે, તેની પાસે ડોમિસાઈલ છે અને તેણે NEETમાં ઉચ્ચ સ્કોર મેળવ્યો છે. પિતાની બદલી નોકરીના ભાગરૂપે થઈ હોવાથી તેને સ્થાનિક ક્વોટાથી વંચિત રાખવો અન્યાયી છે. સામે પક્ષે રાજ્ય સરકારે દલીલ કરી હતી કે, માત્ર રાજ્ય સરકારના કર્મચારીઓ જે ડેપ્યુટેશન પર બહાર ગયા હોય, અથવા ઓએનજીસી કે નેવી જેવી અમુક ચોક્કસ સરકારી સંસ્થાઓના કર્મચારીઓના બાળકોને જ છૂટછાટ મળે છે. પ્રાઈવેટ બેંક કે અન્ય સંસ્થાઓના બદલીપાત્ર કર્મચારીઓ માટે આ સવલત નથી. બંને પક્ષોને સાંભળ્યા બાદ ડિવિઝન બેન્ચે ઠેરવ્યું હતું કે, વર્તમાન નીતિ મુજબ ધો.10 અને 12 રાજ્ય બહાર પાસ કરનારને સ્થાનિક વિદ્યાર્થી ગણી શકાય નહીં.

### દિવાળી-છઠ પર પ્રવાસીઓને મોટી રાહત

# ઉત્રાણ સ્ટેશન બનશે લાંબા અંતરની ટ્રેનોનો નવો વિકલ્પ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
આગામી દિવાળી અને છઠ મહાપર્વ દરમિયાન ઘરે જતા પ્રવાસીઓ માટે પશ્ચિમ રેલવે દ્વારા મોટી રાહતની તૈયારી કરવામાં આવી છે. સુરત શહેરના ઉત્રાણ સ્ટેશનને લાંબા અંતરની ટ્રેનો માટે વધારાના વિકલ્પ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. તેને સુરતના સેટેલાઈટ સ્ટેશન તરીકે ડેવલપ કરવામાં આવી રહ્યું છે. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ આ પહેલથી સુરત અને ઉધના સ્ટેશનો પર મુસાફરોનું ભારણ ઘટશે. સાથે જ ઉત્તર ભારત, પશ્ચિમ ભારત અને પૂર્વ ભારત તરફ જતા મુસાફરોને ઉત્રાણ સ્ટેશનથી જ હોલીડે સ્પેશિયલ ટ્રેનોની સુવિધા મળવાનો માર્ગ મોકળો થશે. આ ઈન્ફ્રા પ્રોજેક્ટનો સૌથી વધુ લાભ ભરૂચ અને અંકલેશ્વર વિસ્તારમાં રહેતા પ્રવાસી મુસાફરોને મળશે. તેમને લાંબા અંતરની કેટલીક સ્પેશિયલ ટ્રેનોમાં મુસાફરી કરવા માટે સુરત અને ઉધના સ્ટેશન સુધી જવું પડશે નહીં અને તેઓને ઉત્રાણ સ્ટેશનથી જ ટ્રેન પકડવાનો વધારાનો વિકલ્પ મળશે. ઉત્રાણ સ્ટેશન પર લાંબા અંતરની ટ્રેનોના સરળ સંચાલન માટે પ્લેટફોર્મ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત જૂના, ઓછી લંબાઈવાળા પ્લેટફોર્મને હટાવીને સ્ટેશનની ઉત્તર દિશામાં લગભગ 600 મીટર લાંબો નવો પ્લેટફોર્મ બનાવવામાં આવ્યો છે. આ પ્લેટફોર્મ લગભગ 22 કોચવાળી લાંબા અંતરની ટ્રેનોના સંચાલન માટે ઉપયોગી થશે. આ ઉપરાંત, પ્લેટફોર્મ નંબર 3 અને 4ની લંબાઈ વધારવાનું કામ પણ પ્રગતિમાં છે. આ કામો પૂર્ણ થતાં ઉત્રાણ સ્ટેશન પર ચાર ફુલ લેન્થ પ્લેટફોર્મ ઉપલબ્ધ થશે, જેનાથી લાંબા અંતરની ટ્રેનોના સંચાલન અને ઠહેરાવની વ્યવસ્થા વધુ સુગમ બનશે.

### મંજૂર નકશા મુજબ બાંધકામ છે કે કેમ? તપાસનો વિષય

# દાંડિયા બજારમાં ફૂટપાથ પર ગેરકાયદે બાંધકામના આક્ષેપ, તપાસની માગણી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
વડોદરાના વ્યસ્ત ગણાતા દાંડિયા બજાર વિસ્તારમાં આવેલી વડોદરા ગેસ લિમિટેડની સામેની એક દુકાન દ્વારા રોડ-રસ્તા અને ફૂટપાથ પર દબાણ કરવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. સ્થાનિકો અને રાહદારીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા વિરોધ મુજબ, સંબંધિત દુકાનદારે પોતાના દાદર ફૂટપાથથી લઈને છેક મુખ્ય માર્ગ સુધી લંબાવીને બાંધી દીધા છે, જેના કારણે દબાણની સ્થિતિ સર્જાઈ છે. આ અંગે સ્થાનિકોનો દાવો છે કે જાહેર ફૂટપાથ એ રાહદારીઓની સલામત અવરજવર માટે હોય છે, પરંતુ આ પ્રકારે રસ્તા સુધી પગથિયાં બનાવી દેવાતા ચાલીને જતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ ઉપરાંત, આ જ વિસ્તારમાં આવેલી એક નજીકની બેંક પાસે પણ ફૂટપાથ પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. દિન-પ્રતિદિન વધતા જતાં આવા દબાણોને કારણે માર્ગ સાંકડો બની રહ્યો છે અને ટ્રાફિકની સમસ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. વિસ્તારના જાગૃત નાગરિકો અને સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી છે કે આ દુકાનનું બાંધકામ ખરેખર મંજૂર થયેલા નકશા અને બી.યુ. પરમિશન મુજબ થયું છે કે કેમ તેની તટસ્થ તપાસ કરવામાં આવે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન ના ટાઉન પ્લાનિંગ વિભાગ અને દબાણ શાખાની ટીમ તાત્કાલિક સ્થળ તપાસ કરે અને જો નિયમોનું ઉલ્લંઘન જણાશે તો ફૂટપાથ ખુલ્લી કરાવી યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તેવી જોરદાર માંગ ઉઠી છે.

### CET-2027-28નું જાહેરનામું

# ધો.૬ પ્રવેશ અને જ્ઞાનસેતુ સ્કોલરશીપ માટે એન્ટ્રન્સ ટેસ્ટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29
રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ 2027-28 માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ પરીક્ષાના આધારે જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ સ્કૂલ, રક્ષાશક્તિ સ્કૂલ તથા એકલવ્ય મોડલ સ્કૂલ અને સૈનિક શાળાઓમાં ધોરણ-6માં પ્રવેશ અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવશે. બોર્ડના જણાવ્યા મુજબ, ફોર્મ ભરવાની પ્રક્રિયા તા.30 ઓક્ટોબરથી તા.5 નવેમ્બર, 2026 દરમિયાન પોર્ટલ પર ચાલશે. પરીક્ષા ફી નિઃશુલ્ક રાખવામાં આવી છે. પરીક્ષા તા.02 જાન્યુઆરી, 2027ના રોજ રાજ્યના તમામ જિલ્લાઓમાં લેવાનું આયોજન છે. સરકારી, ગ્રાન્ટેડ, કે.જી.બી.વી., આશ્રમશાળા, મોડલ સ્કૂલ, મોડલ ડે સ્કૂલ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં ધો.1થી 5 સુધી અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ તમામ શાળાઓ માટે પાત્ર રહેશે. ખાનગી (સ્વનિર્ભર) શાળાના વિદ્યાર્થીઓ માત્ર રક્ષાશક્તિ સ્કૂલની કુલ બેઠકોના 25% બેઠકો માટે જ પ્રવેશ પરીક્ષા આપી શકશે. આ ઉપરાંત એસ.ટી. કેટેગરી માટે આશ્રમશાળા, સૈનિક શાળા અને EMRSમાં લાભ મળશે. પરીક્ષા 120 ગુણની MCQ પદ્ધતિની રહેશે. કુલ 120 પ્રશ્નો અને 150 મિનિટનો સમય રહેશે. ત્રણ વિભાગ રહેશે - માનસિક ક્ષમતા કસોટી (40 ગુણ), ભાષા કસોટી (ગુજરાતી, અંગ્રેજી, હિન્દી - 40 ગુણ) અને ગણિત-પર્યાવરણ (40 ગુણ). NEP-2020 મુજબ 30% પ્રશ્નો કોમ્પિટન્સી બેઝ્ડ રહેશે. પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી રહેશે. રક્ષાશક્તિ સ્કૂલમાં પ્રવેશ માટે શારીરિક ક્ષમતા કસોટી પણ પાસ કરવી ફરજિયાત રહેશે.

### વડોદરાના રાત્રી બજારમાં નિયમોના ધજાગરા

# દુકાન સામે ૫૦ ટેબલ-ખુરશી, ગેરકાયદે શેડ ખડકી ભાડૂઆતોની તગડી કમાણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.29
કારેલીબાગ વિસ્તારમાં આવેલું અને મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત 'રાત્રી બજાર' હાલ અનેક વિવાદોમાં સપડાયું છે. કોર્પોરેશન દ્વારા ભાડા પેટે આપવામાં આવેલી દુકાનોના સંચાલકો દ્વારા ગેરકાયદેસર શેડ ઉભા કરી, વધારાના સ્ટોલ અને લારીઓ ગોઠવીને થર્ડ પાર્ટીને ભાડે આપીને તગડી કમાણી કરવામાં આવી રહી છે. એક તરફ ભાડૂતો ગેરકાયદેસર રીતે લાખો રૂપિયા રળી રહ્યા છે, તો બીજી તરફ રોજનું રળીને પેટ ભરતા સામાન્ય લારી-ગલ્લા અને પથારાવાળાઓ પર તંત્ર દ્વારા સતત દબાણ હટાવવાની કાર્યવાહી કરીને હેરાનગતિ કરવામાં આવી રહી છે. પાલિકાની આ બેવડી નીતિ સામે લોકોમાં રોષ વ્યાપ્યો છે.

આ સમગ્ર મામલે સામાજિક કાર્યકર કમલેશ પરમાર દ્વારા માહિતી અધિકાર કાયદા (RTI) હેઠળ રાત્રી બજારની વિગતો મેળવવામાં આવી હતી. આર.ટી.આઈ.ના ખુલાસા મુજબ પાલિકાના નિયમો અનુસાર મોટી દુકાનો માટે ૮ અને નાની દુકાનો માટે ૬ ટેબલ-ખુરશી લગાવવાની જ મંજૂરી છે. પરંતુ વાસ્તવિકતામાં એક-એક દુકાનદાર દ્વારા નિયમો નેવે મૂકીને ૪૦ થી ૫૦ ટેબલ-ખુરશીઓ અને આલીશાન સોફા સેટ ગોઠવી દેવાયા છે તેમજ મોટા મોટા ગેરકાયદે શેડ ઉભા કરીને આખી જગ્યા પર કબ્જો જમાવી લેવાયો છે.

આ ઉપરાંત રાત્રી બજારમાં સુરક્ષા અને સ્વચ્છતાના ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા છે. અવારનવાર જૂથ અથડામણ અને મારામારીના બનાવો બનવાથી ગ્રાહકોમાં ભય અને અફરાતફરીનું વાતાવરણ સર્જાય છે. હજારોની મેદની ધરાવતા આ સ્થળે ફાયર સેફ્ટીની કોઈ જ સુવિધા નથી અને ચારેય તરફ ગંદકીનું સામ્રાજ્ય છવાયેલું હોવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. સામાજિક કાર્યકરે વધુમાં આક્ષેપ કર્યો હતો કે કેટલીક દુકાનો વર્ષોથી બંધ હાલતમાં છે અને સંચાલકો આ સરકારી મિલકતને પોતાની ખાનગી માલિકીની જેમ ચલાવી રહ્યા છે.

### ત્રણ વર્ષમાં 400 લોકોનું વિશ્લેષણ કર્યાનો અનિલ બંસલનો દાવો

# હસ્તાક્ષરમાં છુપાયેલું વ્યક્તિત્વ ઉકેલવાનો માર્ગ એટલે ગ્રાફોથેરાપી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
વ્યક્તિના હસ્તાક્ષર પરથી તેના સ્વભાવ અને વ્યક્તિત્વનું વિશ્લેષણ કરવાની પદ્ધતિ તરીકે ઓળખાતી ગ્રાફોથેરાપી તરફ વડોદરાના અનિલ બંસલ કાર્યરત છે. ગોત્રીના મધુવન એપાર્ટમેન્ટમાં રહેતા અનિલ બંસલ ગ્રાફોથેરાપિસ્ટ, હેન્ડરાઈટિંગ એનાલિસ્ટ અને ઈનર ફિઝિશિયન તરીકે પોતાની ઓળખ ધરાવે છે. તેમના જણાવ્યા મુજબ, છેલ્લા ત્રણ વર્ષમાં તેમણે આશરે 400 લોકોનું વિશ્લેષણ કર્યું છે અને અનેક લોકોને મદદ કરી છે. અનિલ બંસલના મતે, વ્યક્તિના મગજમાંથી મળતા સંકેતોના આધારે હસ્તલેખન થાય છે. તેથી લખવાની રીતનું વિશ્લેષણ કરીને વ્યક્તિના સ્વભાવ અને વર્તનની કેટલીક બાબતો જાણી શકાય છે.

તેઓ એવો પણ દાવો કરે છે કે હસ્તલેખનના આધારે કેટલીક શારીરિક તકલીફોના સંકેતો અગાઉથી જાણી શકાય છે. તેમણે બ્લડપ્રેશરની તકલીફ ધરાવતા એક વ્યક્તિનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે ગ્રાફોથેરાપી બાદ તેમને રાહત મળી હતી અને તબીબી સલાહ અનુસાર તેમની દવામાં ઘટાડો થયો હતો. જોકે, હસ્તાક્ષર પરથી બીમારીનું નિદાન કે સારવારની અસરકારકતા અંગેના આવા દાવાઓને સમર્થન આપતા પૂરતા વૈજ્ઞાનિક પુરાવા ઉપલબ્ધ નથી. બ્લડપ્રેશર, કિડની સહિતની બીમારીઓનું નિદાન અને દવામાં ફેરફાર માત્ર લાયક તબીબની સલાહથી જ કરવો જોઈએ.

### CPHI-PMEC ઈન્ડિયા 2026માં મળશે નવી તકો

# ગુજરાતનો ફાર્મા ઉદ્યોગ વૈશ્વિક બજાર સાથે જોડાશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
ભારતીય ફાર્મા ઉદ્યોગની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવા સીપીએચઆઈ ઈન્ડિયા અને પીએમઈસી ઈન્ડિયા 2026નું આયોજન દિલ્હી-એનસીઆરમાં બે સ્થળોએ થશે. સીપીએચઆઈ 23થી 25 નવેમ્બર દરમિયાન યશોભૂમિ, દ્વારકા ખાતે અને પીએમઈસી 24થી 26 નવેમ્બર દરમિયાન ગ્રેટર નોઈડાના ઈન્ડિયા એક્સપો માર્ટ ખાતે યોજાશે. ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયા દ્વારા આયોજિત આ એક્સપોમાં 2,000થી વધુ પ્રદર્શકો અને 120થી વધુ દેશોના 50,000થી વધુ ફાર્મા પ્રોફેશનલ્સ ભાગ લેવાની અપેક્ષા છે. તેમાં એપીઆઈ, ફાર્માસ્યુટિકલ પેકેજિંગ, ઓટોમેશન, ક્લીનરૂમ અને લેબોરેટરી ટેકનોલોજીનું પ્રદર્શન થશે. ગુજરાતને મળશે નવી તકો ગુજરાત અને મહારાષ્ટ્રના ફાર્મા ઉત્પાદન ક્ષેત્રને વૈશ્વિક ખરીદદારો અને ટેકનોલોજી પ્રદાતાઓ સાથે જોડવા પર વિશેષ ભાર રહેશે. વડોદરા, અમદાવાદ અને અંકલેશ્વર સહિતનાં ઔદ્યોગિક ક્લસ્ટરો માટે આ આયોજન નવી ભાગીદારી, આધુનિક ટેકનોલોજી અને નિકાસની તકો ઊભી કરી શકે છે. અગ્રણી ફાર્મા કંપનીઓની ભાગીદારીથી ભારતીય દવા ઉદ્યોગના ઉત્પાદન અને ગુણવત્તા ક્ષેત્રે આધુનિકીકરણને વેગ મળવાની આશા છે. આ પ્રદર્શનમાં દવા ઉત્પાદન સાથે સંકળાયેલી નવીન પ્રક્રિયાઓ, ગુણવત્તા નિયંત્રણ અને સપ્લાય ચેઈનને વધુ કાર્યક્ષમ બનાવવા માટેનાં ઉકેલો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કંપનીઓને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો સાથે વિચારોનું આદાનપ્રદાન કરવાની અને વૈશ્વિક ધોરણો અનુસાર ઉત્પાદન ક્ષમતા વિકસાવવાની તક મળશે.

### ચેરમેન નિલેશ શાહ અને સહ અધ્યક્ષ ચેતન બુન્દેલા નિયુક્ત

# PHDCCI ગુજરાત ચેપ્ટરના ચેરમેન-સહ-અધ્યક્ષની નિયુક્તિ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
દેશના અગ્રણી ઔદ્યોગિક અને વ્યાપારી સંગઠન PHD ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (PHDCCI) દ્વારા વર્ષ 2026-27 માટે ગુજરાત સ્ટેટ ચેપ્ટરના ચેરમેન તરીકે નિલેશ દેસાઈ અને સહ-અધ્યક્ષ તરીકે ચેતન બુન્દેલાની નિયુક્તિ કરવામાં આવી છે. નિલેશ દેસાઈ હાલમાં સુઝલોન એનર્જી લિમિટેડમાં કોર્પોરેટ અફેર્સ અને સ્ટ્રેટેજિક બિઝનેસ ડેવલપમેન્ટ, ગુજરાતની જવાબદારી સંભાળે છે. તેઓ શુભ લાભ ગ્રુપના પ્રમોટર પણ છે. જ્યારે ચેતન બુન્દેલા ટોરેન્ટ પાવરના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. બંનેનો ઔદ્યોગિક અનુભવ ગુજરાતના ઉદ્યોગજગત સાથેના સંકલનને મજબૂત બનાવવામાં ઉપયોગી બનશે.

વર્ષ 1905માં સ્થાપિત PHDCCI ઉદ્યોગ, વેપાર, રોકાણ અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે કાર્યરત છે. ગુજરાતમાં ઉત્પાદન, કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ અને રિન્યુએબલ એનર્જી સહિતનાં ક્ષેત્રોમાં વિકાસની વિશાળ તકો છે. નવા નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર, ઉદ્યોગપતિઓ, રોકાણકારો, MSME અને સ્ટાર્ટઅપ્સ વચ્ચે સંવાદ વધારવા, નવી રોકાણ તકો ઊભી કરવા તથા ટેક્નોલોજી આધારિત ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવશે.

### રોલિંગ સ્ટોક પાર્ક, મ્યુઝિયમ અને હેરિટેજ ટ્રેન આકર્ષણનું કેન્દ્ર બન્યા

# પ્રતાપનગર સ્ટેશનની ૧૪૬મી વર્ષગાંઠ પર ઉજવણી કરાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
ભારતીય રેલવે દ્વારા દેશના 103 ઐતિહાસિક અને વિરાસત ધરાવતા રેલવે સ્ટેશનો પર આયોજિત સ્ટેશન મહોત્સવની શ્રૃંખલા અંતર્ગત પશ્ચિમ રેલવે વડોદરા મંડળના પ્રતાપનગર સ્ટેશન ખાતે આજે 146મી વર્ષગાંઠની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વડોદરા મંડળ દ્વારા પ્રતાપનગર સ્ટેશન ઉપરાંત આણંદ અને નડિયાદ સ્ટેશનને પણ આ મહોત્સવ માટે નામિત કરવામાં આવ્યા છે. પ્રતાપનગર સ્ટેશન ખાતે હેરિટેજ પાર્કમાં વોક, ફ્લેગ માર્ચ અને ઉત્સવના ફુગ્ગા ઉડાડી કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેના નેતૃત્વમાં નેરોગેજ હેરિટેજ લાઈન, ગોયા ગેટથી પ્રતાપનગર સુધીની સફર' થીમ પર વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયના વાઈસ ચાન્સેલર પ્રો. મનોજ ચૌધરી, ડીન પ્રો. પ્રદીપ ગર્ગ, મંડળના રેલકર્મીઓ અને શહેરના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.